ડીસાના જાણીતા આગેવાન જયદીપ પઢીયારની આત્મહત્યા

પોતાની જ રિવોલ્વરથી કરી આત્મહત્યા

ડીસા, તા. ૧૭

ડીસામાં માળી સમાજના આગેવાન અને જાણીતા ફાઈનાન્સર જયદીપભાઈ પઢીયારે આજે બપોર ના સમયે ઓમ પ્લાજા શોપિંગ સેન્ટર નજીક તેમની જ માલિકી ની રિવોલ્વરને લમણે મૂકી ટ્રીગર દબાવ્યું હતું, અને ત્યાજ તેમનું લોહીલુહાણ હાલતમાં મોત થયું હતું. જોકે તે બાદ તેમને ડીસાની સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા.જ્યાં તેમને ફરજ ઉપરના તબીબે મૃત જાહેર કર્યા હતા,

જોકે તે બાદ આ ઘટના ની જાણ થતા લોકો ના

દબાવતા તેમનું ગાડીમાં જ લોહી લુહાણ હાલતમાં મોત થયું છે.

આ ચકચારી ઘટના ની વિગત જોઈએ તો ડીસાના જયદીપભાઈ મનહરલાલ પઢિયાર શ્યામ બંગ્લોજ માં રહેતા હતા અને જાણીતા ફાઈનાન્સર હતા, જોકે આજે બપોરના સમયે તે પોતાની ઓમ પ્લાઝા શોપિંગ નજીક આવેલી ફાયનાન્સ ની ઓફિસમાં પાસે પહોચ્યા હતા. જોકે તે બાદ પોતાની કાર માં જ બેઠા હતા.તેમની સાથે તેમનો મિત્ર પણ બેઠા હતા ,જોકે અચાનક જ અગમ્ય કારણોસર જયદીપ પઢીયારે પોતાની જ રિવોલ્વર લમણે મૂકી

ટોળે ટોળા ડીસા સિવિલ જમા થયા હતા,જે બાદ વિભાગીય પોલીસ વડા ડો. નીરજ બડગુજર અને વિભાગીય પોલીસ અધિકારી આર.સી.દવે ની ટીમ પણ સિવિલ પહોચી હતી.જેમને ઘટના સ્થળ અને ઘટના આજુબાજુના સીસી ટીવી ફૂટેજ નાં પુરાવા જોયા હતા.તેમજ મૃતક જયદીપ સાથે કારમાં બેઠેલા તેમના મિત્રનુંનિવેદન લઈ તપાસ હાથ ધરી હતી, જોકે પોલીસ ની પ્રાથમિક તપાસમાં આ કેશમાં મૃતકે જાતેજ અગમ્ય કારણોસર પોતાનીજ રિવોલ્વર થી આત્મહત્યા કર્યાનું બહાર આવેલ છે.જોકે તેમ છતાં પોલીસે આ મામલો સંગીન હોઈ ઝીણવટભરી તપાસ હાથ ધરેલ છે.

પ્રાંતિજના સાંપડ-રામપુરામાં ડેન્ગ્યુના શંકાસ્પદ બે કેસ મળ્યા

એક બાળક અને એક બાળકી ડેન્ગ્યુની ઝપેટમાં : હિંમતનગર ખાતે સારવાર અર્થે ખસેડાયા

પ્રાંતિજ, તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ- સાંપડ રામપુરા ખાતે બે ડેન્ગ્યુ ના કેસો મળી આવતાં હાલ તો ઉગતું તંત્રમાં ખળભળાટ મચી જવા પામ્યો છે અને પ્રાંતિજ તથા રામપુરા ખાતે દોડી ગયું હતું અને દવાનો છંટકાવ બાદ આજુબાજુમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે.

પ્રાંતિજના સાંપડ રામપુરા ખાતે નવાવાસમાં રહેતા રાઠોડ જનકસિંહ જશંવતસિંહ ઉ.વર્ષ-૯ અભ્યાસ ધોરણ- ચાર અને રાઠોડ અંકિતા બેન દૂળસિંહ ઉ. વર્ષ- ૧૫ અભ્યાસ ધોરણ- ૧૦ માં તેવો બન્ને કાકા બાપાના ભાઈ બહેન છે અને એક જ ફેમીલી માં રહે છે જેવોને તાવ આવતાં પહેલાં ગામ માંજ તબીબી પાસેથી દવા લીધી હતી જયારે બન્ને ની હાલત વધુ કથળતા બન્ને ને મંગળવાર ના રોજ હિંમતનગર કિલર હોસ્પિટલ ડૉ. અતૂલ નાયકને ત્યાં વધુ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતાં. જેમાં રીપોર્ટમાં બન્ને ને કાઉન્ટ ઘટી જવાને કારણે ડૉકટર દ્વારા શંકાસ્પદ ડેન્ગ્યુની અસર હોવાનું જણાવતાં ગામમાં ભયનો માહોલ ફેલાયો હતો ત્યારે ઉગતું તંત્ર સફાળે જાગતા તેમણે પ્રાંતિજ નાની ભાગોળ ખાતે આવેલ મકાન અને ફળીમાં દવાનો છંટકાવ કર્યો હતો અને રામપુરા ખાતે પણ ટીમ ઉતારવામાં આવી હતી અને સર્વે હાથ ધરવામાં આવ્યો હતો અને દવાનો છંટકાવ કરવામાં આવ્યો છે.

અંબાજી ભાદરવી મહામેળો સુખરૂપ સંપન્ન

પાલનપુર, તા. ૧૭

પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મુકામે ૧૦ થી ૧૬ સપ્ટેમ્બર દરમ્યાન યોજાયેલ ભાદરવી પુનમનો મહામેળો સુખરૂપ સંપન્ન થયો છે. દૂર દૂરથી પદયાત્રા કરીને દિવસો સુધી ચાલીને આવેલા લાખો માઈભક્તો માતાજીના ચરણે મસ્તક ઝુકાવી ધન્યાતા અનુભવી છે. પૂર્ણ ભક્તિભાવથી માતાજીના દર્શન કરી ભાવવિભોર બનતા માઈભક્તોથી ચાચર ચોકમાં અને સમગ્ર મંદિર પરિસરમાં ભક્તિભર્યો ભવ્ય માહોલ છવાયેલો જોવા મળ્યો છે. બનાસકાંઠા કલેકટર કમ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન જેનુ દેવનની સુચના અને માર્ગદર્શન અનુસાર જિલ્લા વહીવટીતંત્રના સરસ પ્રયાસોને લીધે યાત્રિકોને જરૂરી તમામ સુવિધાઓ સરળતાથી ઉપલબ્ધ બનાવાઈ હતી પરિણામે યાત્રિકોને કોઈ જ તકલીફ પડી નહોતી.

અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના સૂત્રો તરફથી મળેલ જાણકારી પ્રમાણે તા.૧૫ સપ્ટેમ્બરના સાંજના ૪.૩૦ વાગ્યા સુધીમાં ૨૮,૭૮,૨૧૭ યાત્રિકોએ માતાજીના દર્શન કર્યા હતાં, મંદિરને રૂ. ૩.૯૩ કરોડ ભેટની આવક મળી હતી. યાત્રિકો ધ્વારા ૧૩૮૪૭ ધજાઓ ચડાવવામાં આવી હતી. ૧૫,૯૦,૬૩૧ પ્રસાદના પેકેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ૩,૪૫,૯૧૫ યાત્રિકોએ વિનામૂલ્યે ભોજન પ્રસાદનો લાભ લીધો હતો. ૭,૫૯,૯૧૦ યાત્રિકોએ બસમાં મુસાફરી કરી હતી.

મેળા પ્રસંગે સ્વચ્છતાની કામગીરી પ્રશંસનીય રહી હતી. લાખો માઈભક્તો ઉમટી પડવા છતાં સંખ્યાબંધ ટીમો ધ્વારા સતત ચાલતી સ્વચ્છતાની કામગીરીથી અંબાજીમાં તમામ સ્થળોએ સરસ સ્વચ્છતા જોવા મળી હતી. સ્વચ્છતાની કામગીરીની લાખો લોકોએ પ્રશંસા કરી હતી. ઉપરાંત પરિવહન માટે ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ ધ્વારા મોટાભાગની એસ.ટી.બસો નવી મુકવામાં આવી હતી. પરિવહનની સારી વ્યવસ્થાને લીધે યાત્રિકો સરળતાથી અને ઝડપથી પોતાના ઘેર પરત ફરી શક્યા છે.

મેળા પ્રસંગે અંબાજી મંદિર પરિસરમાં ભક્તિભર્યો માહોલ સતત રહ્યો હતો. માઈભક્તો ધ્વારા મંદિરના શિખર ઉપર માતાજીની ધજા ચડાવાતી હોય ત્યારે જય અંબે...ના પ્રચંડ જય જયકાર સાથે શ્રધ્ધાળુઓ ભક્તિમય બની જતા હતા. કેટલાક શ્રધ્ધાળુઓ ભાવવિભોર બની જતાં તેમની આંખમાં હર્ષના આંસુ પણ જોવા મળ્યા હતા. માતાજીનાં દર્શન કરીને મંદિર બહાર આવતા દર્શનાર્થીઓના ચહેરા પર આનંદ અને સંતોષની લાગણી જોવા મળી હતી. મંદિરનો ચાચર ચોક માઈભક્તોથી ભરચક, લાંબી ધજાઓ, માતાજીના જયઘોષ, હાથમાં ચુંદડી-પ્રસાદથી માહોલ ભવ્ય રહ્યો હતો. દર્શન માટે બબ્બે રેલીંગ વ્યવસ્થા હોવાથી કોઈ યાત્રિકને લાંબો સમય લાઈનમાં ઉભા રહેવું પડ્યુ નથી.

માઈભક્ત દ્વારા ૧ કિલો સોનુ ભેટમાં મળ્યુ

ભાદરવી પુનમના દિવસે ખેડા જિલ્લાના વતની માઈભક્ત નવનીતભાઈ શાહ ધ્વારા મા અંબેના ચરણોમાં એક કિલો સોનુ ચઢાવવામાં આવ્યુ હતુ. એક મુલાકાતમાં નવનીતભાઈએ જણાવ્યુ કે માતાજી ઉપર અપાર ભક્તિભાવ અને શ્રધ્ધા હોવાથી માતાજીના ચરણમાં એક કિલો સોનુ ચઢાવ્યું છે. ઉલ્લેખનીય છે કે ઘણા માઈભક્તો પોતાની શક્તિ અને ઈચ્છા અનુસાર માતાજીને સોનુ ધરાવતા હોય છે.

મોડાસાના કલ્યાણ ચોકમાં ગાયે વૃદ્ધાને શીંગડે ભરાવી પટકતા જીવલેણ ઈજાઓ

મોડાસા, તા. ૧૭

અરવલ્લી જિલ્લાના મુખ્ય શહેર મોડાસાના મુખ્ય માર્ગો તેમજ રહેણાંક વિસ્તારોમાં રખડતા પશુઓનો ત્રાસ વધી ગયો છે. ત્યારે ગુરૂવારે સાંજના સુમારે મોડાસાના

કલ્યાણચોકમાં ગણેશ વિસર્જન યાત્રાના દર્શનાર્થે પહોંચેલા વૃદ્ધ મહિલાને નજીક ઉભેલા ગાયના ટોળામાંથી અચાનક જ એક ગાય ભૂરાટી બની ત્રાટકી શીંગડે ભરાવી નીચે પટકતા વૃદ્ધ મહિલાના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા લોહીલુહાણ હાલતમાં આજુબાજુથઈ દોડી આવેલા યુવાનોએ ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ દ્વારા સારવાર અર્થે ખસેડાયા હતા. ગણેશ વિસર્જન યાત્રાના સમયે ગાયે વૃદ્ધાને અડફેટે લેતા અફડાતફડી મચી ગઈ હતી. મહિલાઓ, બાળકો અને નગરજનોમાં ભયનો માહોલ ફેલાતા દોડાદોડી કરી મુકી હતી. મોડાસાના નગરજનો દ્વારા શહેરના માર્ગો પર રખડતા પશુઓને પાંજરે પુરવા ઉગ્ર માંગ કરી હતી.

મોડાસા શહેરના બસસ્ટેન્ડ, ચાર રસ્તા, માલપુર રોડ, મેઘરજ રોડ, બાયપાસ ચોકડી, ડિપ વિસ્તાર સહિતના વિસ્તારોમાં છેલ્લા ઘણા સમયથી ઢોરોનો ત્રાસ અતિશય વધી જતા અને માર્ગો પર અડીંગો જમાવતા રાહદારીઓ તેમજ વાહન ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. તો રોડ પર આમથી તેમ રખડતા ઢોરોના પગલે ટ્રાફીકની સમસ્યાનો પ્રશ્ન પેચીદો બન્યો છે. તો કેટલીકવાર રખડતા ઢોરોને પગલે શહેરીજનોને ગંભીર ઈજાઓ પણ પહોંચવાની અનેક ઘટનાઓ સમયાંતરે બનતી રહે છે. ગુરૂવારે સાંજના સુમારે ગણેશ વિસર્જન યાત્રા નિકળતા મોડાસાની ઋષિકેશ સોસાયટીમાં રહેતા રેવાબેન ખેમાભાઈ વણકર નામના વૃદ્ધા કલ્યાણ ચોકમાં દૂંદાળા દેવના દર્શન કરવા ઉભા હતા ત્યાં જ નજીક રોડ પર ઉભેલા ગાયોના ટોળામાંથી એક ગાય એકાએક ભૂંરાટી બની વૃદ્ધાને પાછળથી શીંગડે ભરાવી હવામાં ફંગોળી જમીન પર પટકતા વૃદ્ધ મહિલાને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા નજીકમાં ગણેશ વિસર્જન નીહાળવા આવેલા યુવાનોએ ગાયને ભગાડી ઈજાગ્રસ્ત મહિલાને મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ દ્વારા સારવાર અર્થે ખસેડાયા હતા.

હિંમતનગરના જવાનપુરામાંથી સગીરાને લઈને પલાયન

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના જવાનપુરા ગામમાંથી પાંચેક દિવસ અગાઉ બપોરે એક સગીરાનું અપહરણ કરી ગામનો જ ઈસમ લઈ જતા ગાંભોઈ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી હતી.

ગાંભોઈ પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર હિંમતનગર તાલુકાના જવાનપુરા ગામમાં તા.૧૦/૯/૧૬ ના રોજ બપોરે દોઢેક વાગ્યાના સુમારે મહેન્દ્રસિંહ ધૂળસિંહ ચૌહાણ નામનો ગામનો જ ઈસમ ૧૭ વર્ષીય સગીરાને લગ્ન કરવાના ઈરાદે લઈને પલાયન થઈ જતા પોલીસે દુષ્કર્મ કરવાના ઈરાદે લઈ ગયો હોવાની બાદરજી હીરાજી પૂજારાની ફરિયાદને આધારે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી હતી.

ઊંઝા ગણપતિ વિસર્જનમાં મા-દિકરી સહિત ત્રણના મોત

ઊંઝા, તા. ૧૬

ગઈકાલે ગણપતિ વિસર્જન વખતે ઊંઝા વૈજનાથ મહાદેવના મંદિર પાસે આવેલ તળાવમાં પગ લપસી જવાથી માતા-પુત્રી સહિત ત્રણ યુવતીઓના કરૂણ મોત નિપજતાં ભારે કરૂણાંતિકા સર્જાઈ હતી.

વિગત એવી છે કે ગઈકાલે ઊંઝા શહેરના સિદ્ધરાજનગરમાં રહેતા રહીશો ગણપતિ વિસર્જન કરવા માટે શહેરના દાસજ રોડ પર આવેલ વૈજનાથ મહાદેવના મંદિર નજીકના તળાવ પર ગયા હતા. જ્યાં ગણપતિ વિસર્જન વખતે પગ લપસી જતાં એક જ પરિવારના માતા-પુત્રી અને ભત્રીજીના પાણીમાં ડૂબી જવાથી કરૂણ મોત નિપજ્યા હતા.

મૃતકોમાં શારદાબેન અરવિંદભાઈ ભરથરી ઉં.વ. ૪૦, સોનલબેન અરવિંદભાઈ ભરથરી ઉં.વ. ૧૭ અને ભાવનાબેન નટુભાઈ ભરથરી ઉં.વ. ૧૭ ત્રણેય રહે. ઊંઝાનો સમાવેશ થાય છે.

ગઈકાલે ગણેશ વિસર્જનમાં ગયેલ ઉપરોક્ત ત્રણેય યુવતીઓ મોડી સાંજ સુધી ઘેર ન પહોંચતા પરિવારજનોએ શોધખોળ કરી હતી. પરંતુ તેઓની કોઈ ભાળ મળી ન હતી. દરમિયાન આજે સવારે તળાવમાં ત્રણ સ્ત્રીઓના મૃતદેહો તરતા હોવાની જાણ થતાં સ્થાનિક પોલીસ અને પાલિકાનો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને પાલિકાના ટ્રેક્ટરચાલક પશાજી ઠાકોર અને કેટલાક તરવૈયાઓએ તળાવમાંથી ત્રણેયના મૃતદેહો બહાર કાઢ્યા હતા. ઊંઝામાં ગરીબ ભરથરી પરિવારમાં બહેન, ભાણી અને પુત્રીના કરૂણ મોત નિપજતાં પરિવારજનોમાં શોકની કાલિમા છવાઈ ગઈ હતી.

આ બનાવ અંગે ઊંઝા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

દરમિયાન આશ્ચર્યજનક બાબત એ છે કે ગઈકાલે ગણેશ વિસર્જન સમયે તળાવમાં પગ લપસી જતા ડૂબી ગયેલ ત્રણ સ્ત્રીઓ વિશે કોઈને ખબરસુદ્ધા પડી ન હતી. બીજા દિવસે તળાવમાં સવારના સમયે મૃતદેહો તરતા જોવા મળ્યા ત્યારે પરિવારજનોને જાણ થઈ હતી.

વડાલીમાં અજાણ્યા વાહનની ટક્કરે મોત

સાબરકાંઠા જિલ્લાના વડાલીમાં ૧૪ સપ્ટેમ્બરના રોજ રાત્રે સાડા નવેક વાગ્યાના સુમારે રાજમંદિર હોટલ નજીક કોઈ અજાણ્યો વાહન ચાલક ટક્કર મારી અજાણ્યા ઈસમનું મોત નિપજાવી ફરાર થઈ જતા વડાલી પોલીસે ગુન્હો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર અંદાજે ૪૫ વર્ષીય મૃતકે કાળા રંગનું લાઈનીંગવાળુ શર્ટ અને ભુખરા રંગનું પેન્ટ પહેરેલ હતું. મોઢું છુંદાઈ ગયુ છે તથા અન્ય કોઈ શારીરિક નિશાનીઓ મળેલ નથી.

હિંમતનગરના સિધ્ધાર્થનગરમાંથી સગીરાનું અપહરણ

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના સિધ્ધાર્થનગરમાંથી બે દિવસ અગાઉ સાંજના સુમારે એક ૧૬ વર્ષીય સગીરાનું અપહરણ કરીને કોઈ લઈ ગયુ હોવા અંગે બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવા પામી હતી. ૧૩ સપ્ટેમ્બરના રોજ સાંજે સાડા પાંચેક વાગ્યાના સુમારે હિંમતનગરના સિધ્ધાર્થનગરમાં વૈશાલી સોસાયટીની બાજુમાં પરબડા રોડ ઉપરથી ૧૬ વર્ષીય સગીરાનું કોઈ અપહરણ કરીને લઈ ગયુ હોવા અંગે બાલુભાઈ રામજીભાઈ ચાવડાએ બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુન્હો નોંધી સગીરાની ભાળ મેળવવા તજવીજ હાથ ધરી હતી.

આરઆરસેલ ગાંધીનગરની ટીમે વહેલી સવારે

વાત્રક બ્રીજ પાસે સાડા સાત લાખનો વિદેશી દારૂ પકડતા બુટલેગરોમાં ફફડાટ

મેઘરજ, તા. ૧૭

સુરત લઠ્ઠાકાંડ સર્જાતા તેના આરોપીઓ સામે ખૂનનો ગુન્હો દાખલ થતા સફાળા જાગી ઉઠેલા તંત્રએ અરવલ્લી જિલ્લાના શામળાજી પાસે બે કરોડ ઉપરાંતનો દારૂનો જથ્થો પકડાતા જિલ્લા એલસીબી ઈન્ચાર્જ પીએસઆઈ અને શામળાજી પીએસઆઈની તાકીદની અસરથી બદલી કરતા જિલ્લાના પોલીસબેડામાં સન્નાટો છવાઈ ગયો છે. ત્યારે અરવલ્લીના મેઘરજ જલારામ હોસ્પિટલ પાસે ઉન્ડવા રોડ ઉપર વહેલી સવારે પોલીસ મહાનિરીક્ષકની સુચનાથી ગોઠવાયેલ આરઆરસેલ ગાંધીનગરની ટીમની વૉચ દરમ્યાન વહેલી સવારના ૬.૩૦ કલાકે ઉન્ડવા તરફથી આવી રહેલી એસ ક્રોસ મારૂતી સુજુદી કાર નં. જીજે.૦૧.આર.એફ.૨૦૩૦ના ચાલકે બ્રીજ આગળ પોલીસ નાકાબંધી જોઈ ગાડી રવર્સ લઈ જઈ ભેંસોના તબેલા પાસે વળાવવાની કોશિષ કરતા આ સદરહુ મારૂતી કાર ઈલે. થાંભલા સાથે અથડાઈ ફસાઈ

જતા નાકાબંધીમાં રહેલ મેઘરજ પોલીસ અને આર.આર. સેલના અધિકારીઓને આ રીવર્સ થયેલી કાર ઉપર શંકા જતા આ કાર તરફ એકાએક ધસી જી તે કારમાં બેઠેલા બે ઈસમો પૈકી એક ઈસમની આ કારમાંના સાત લાખ ચાલીસ હજારના દારૂ સાથે ધરપકડ કરેલ છે. જ્યારે અન્ય એક નાસી જવામાં સફળ રહ્યો છે.

મેઘરજ પોલીસ અને ગાંધીનગર આરઆરસેલના રેન્જ આઈજી મનોજ શશીધરને ટીમને અગાઉ મળેલી બાતમી અનુસાર મેઘરજ પોલીસે આ કારને પકડવા માટે બાર કલાકથી ચારેય બાજુ વૉચ ગોઠવી હતી. પરંતુ આજે વહેલી સવારે આર.આર.સેલ.ના પીએસઆઈ વી.યુ. ગાડરીયાએ મેઘરજના પાંચ કિ.મી. સુધીના વિસ્તારમાં વૉચ ગોઠવી હતી. તેવામાં રાજસ્થાનના સીમલવાડા માંડલી તરફથી મારૂતી કાર નં. જીજે.૦૧.આર.એફ.૨૦૩૦ વાળી કાર પુર ઝડપે મેઘરજ જલારામ હોસ્પિટલ જોડે આવી પહોંચતા મારૂતી કારના ચાલકે નાકાબંધી જોતા કારને રીવર્સ કરી ઉન્ડવા તરફ જવાનો પ્રયાસ કરી રહ્યા હતા. તે અરસામાં ભાગી જવા માટે ગાડી પુર ઝડપે રીવર્સ કરતી વખતે વાત્રક બ્રીજના નાકે આવેલ એક ઈલે. થાંભલા જોડે આ કાર અથડાતા કારમાં તપાસ કરતા વિદેશી દારૂ ૩૭૯ બોટલ તથા ૨૩૬ બીયર બોટલ જુદા જુદા માર્કાની ૬૧૫ જેટલી બોટલો જેની કિંમત સાત લાખ ચાલીસ હજારનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે કારના ડ્રાઈવર જાલમસિંહ તખતસિંહ સિસોદીયાની બનાવના સ્થળે ધરપકડ કરી હતી. જ્યારે બીજો અન્ય આ કારમાં સવાર બુટલેગર ઈશ્વરસિંહ ફરાર થઈ જવામાં સફળ રહ્યો હતો.

અમીરગઢ પંથકમાં મેડિકલની ૨૦ ટીમો દ્વારા ચાર હજારથી વધુ ગ્રામજનોના આરોગ્યની ચકાસણી

ભેદી રોગના મોતના ખોફથી ગ્રામજનોમાં ફફડાટ : સપ્તાહ પૂર્વે ૭ માસુમ બાળકોના મોત થયા હતા

અમીરગઢ તાલુકાના ખુણીયા અને ઘાઘું ગામમાં ભેદી રોગનું સિલોસિલો હજુ યથાવત છે અમીરગઢના ઘાઘું તેમજ ખુણીયા ગામે શાળામાં અભ્યાસ કરતા ૭ માસુમ બાળકોના મોત થયાને એક સપ્તાહ જેટલો સમય વીતવા છતાં હજુ પણ બાળકોમાં ભેદી રોગના શંકાસ્પદ કેસ જોવા મળતા આરોગ્ય તંત્રની ઊંઘ હરામ થઈ ગઈ છે બનાસકાંઠા, પાટણ અને અમદાવાદની ૨૦ મેડિકલ ટીમો દ્વારા ઘાંઘું તેમજ ખુણીયા ગામ ડોર તું ડોર લોકોની આરોગ્ય તાપસ થઈ રહી છે પંરતુ હજુ સુધી આ ભેદી રોગને જાણવા આરોગ્ય વિભાગ ફાંફા મારી રહયું છે તો બીજી તરફ ગામના લોકોમાં ભેદી રોગના દહેશતથી ફફડાટ મચી ગયો છે. એક તરફ અંબાજી ભાદરવી પૂનમનો મહામેળો ચાલી રહ્યો છે જેથી જિલ્લાનું વહીવટી તંત્ર અંબાજી મેળામાં આવતા લાખો સંખ્યામાં માઈભક્તોની વ્યવસ્થા વ્યસ્ત છે ત્યારે જિલ્લાનું તંત્રની હાલત પણ કફોડી બની છે આજે ફરી અમારા પાલનપુરના સંવાદદાતા હરેશ જોશીએ ભેદી રોગથી પીડાતા ગામ લોકોની મુલાકાત લીધી હતી ત્યારે હજુ પણ ભેદી રોગના મોતનો ખોફ ગામ લોકોના ચહેરા પર જોવા મળ્યો હતો જિલ્લા વિકાસ અધિકારી અમિત અરોરાના માર્ગદર્શન હેઠળ અમીરગઢ તાલુકાના ખુણીયા અને ઘાઘું ગામમાં ડોર તું ડોરમાં ચાર હજારથી વધુ લોકોને આરોગ્યની તપાસ હાથ ધરવામાં આવી છે જો કે માત્ર શરદી અને ખાંસીના સામાન્ય કેસ જોવા મળતા આરોગ્ય વિભાગે પણ હાશકારો અનુભવ્યો હતો હાલમાં અમીરગઢ તાલુકાના ઘાઘું, ખુણીયા, સોનવાડી, નીચલોબંધ, ઉપલોબંધ, સરોત્રા, કિડોતર સહિત અન્ય ગામોમાં આરોગ્ય વિભાગની મેડિકલ ટીમ દ્વારા સર્વે કામગીરી પુરજોશમાં ચાલી રહી છે દરેક એક આરોગ્ય ટીમ સાથે ગામ સ્થાનિક આગેવાનને પણ લેવામાં આવ્યો છે.